રત્નકલાકારોનાં આપઘાતના બનાવો અટકાવવા ડાયમંડ વર્કર યુનિયને હેલ્પલાઈન શરૂ કરી

છેલ્લા 15 થી 16 મહિનાના ટૂંકા ગાળામાં અંદાજે 62 રત્નકલાકારે કરી જીવન ટુંકાવ્યા.

સુરત : સુરત સહિત દેશભરના હીરાઉદ્યોગ મંદીનો માહોલ છવાયેલો છે. મંદીમાં કામ ન મળવું અને પગાર કાપને લીધે માત્ર સુરતમાં 15/16 મહિનામાં 62 રત્નકલાકારોએ આપઘાત કર્યા છે. રત્નકલાકારોનાં વધતા આપઘાતનાં બનાવો અટકાવવા ગુજરાત ડાયમંડ વર્કર યુનિયને 24/7 હેલ્પલાઈન નંબર શરૂ કર્યો છે. જેમાં હીરા ઉદ્યોગમાં તજજ્ઞો અને તબીબો સેવા આપશે. ગુજરાત ડાયમંડ વર્કર યુનિયનનાં પ્રમુખ રમેશ જીલરીયા અને ઉપપ્રમુખ ભાવેશ ટાંકે જણાવ્યું હતું કે, છેલ્લા ઘણા સમયથી મંદીના કારણે રત્નકલાકારો પાયમાલ થઈ રહ્યા છે. મોટી સંખ્યામાં રત્ન કલાકારો બેરોજગાર બન્યા છે અને જે લોકોને કામ મળે છે તેઓનાં પગાર ઘટાડી દેવામાં આવ્યા છે. પ્રોડક્શન કાપના કારણે ઘણા કારખાનાઓમાં અઠવાડિયામાં બે દિવસની રજા જાહેર કરવામાં આવી છે. એને લીધે રત્નકલાકારો આર્થિક સંકટમાં ફસાઈ ગયા છે. એક તરફ મોંઘવારી સતત વધી રહી છે. બીજી તરફ કારીગરોનાં બેંક લોનનાં હપ્તા, મકાન ભાડા તથા બાળકોની શિક્ષણ ફી ચૂકવવી મુશ્કેલ પડી રહી છે. કેટલાક કારખાનેદારોએ મજૂરીના દરમાં 20/30 ટકાનો ઘટાડો કર્યો છે.

રત્નકલાકારોનાં પગાર વધવાને બદલે સતત ઘટી રહ્યા છે, જેના કારણે કારીગરોને ઘરનું ગુજરાન ચલાવવામાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે, આર્થિક ભીંસમાં છેલ્લે કારીગરો હારી થાકી અને આપઘાત કરી રહ્યા છે. બેરોજગારી અને આર્થિક તંગીના કારણે હીરાઉદ્યોગમાં આપઘાતનાં બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યાં છે. હીરાઉદ્યોગમાં આપઘાતનાં બનાવો અટકાવી શકાય એ માટે રત્નકલાકારોને આપઘાત કરતા રોકવા એક અભિયાનની શરૂઆત કરી છે જેનું સ્લોગન છે

"હે રત્નકલાકારો આપઘાત ના કરો અમને એક ફોન કરો" ડાયમંડ વર્કર યુનિયને 9239500009 હેલ્પલાઈન નંબર પણ જાહેર કર્યો છે. સુરત હીરાઉદ્યોગમાં અંદાજે છેલ્લા 15 થી 16 મહિનાના ટૂંકા ગાળામાં અંદાજે 62 રત્નકલાકારોએ આપઘાત કરી જીવન ટુંકાવી લીધા છે. યુનિયને અનેક વખત સરકારનું ધ્યાન દોરવાનો પ્રયત્ન કર્યો છે કે આવા કપરા સમયે રત્નકલાકારોને આર્થિક મદદ કરવાને બદલે સરકાર હજી સુધી કુંભકર્ણની નિંદ્રામાંથી જાગી નથી. જેના કારણે આપઘાતનાં બનાવો સતત વધી રહ્યા છે અને નિર્દોષ રત્નકલાકારો જીવ ગુમાવી રહ્યા છે. રત્નકલાકારોની સમસ્યાનુ સમાધાન નહી કરવામાં આવે તો હજી પરિસ્થિતિ ખૂબ વિકટ થવાની શક્યતા છે.

તમારા પરિવારનો માળો વિખાય નહી એ જોજો

ડાયમંડ વર્કર યુનિયન ગુજરાત દ્વારા સુરત હીરાઉદ્યોગના રત્નકલાકારોને આપઘાત કરતા અટકાવવાનું અભિયાન શરૂ કરવામાં આવેલુ છે. સાથે અન્ય લોકોને પણ આપઘાત કરતા અટકાવવા માટે સામાજિક તથા સેવાકીય સંગઠનોએ આગળ આવવા અપીલ કરી છે. કેમકે સુરતમાં આપઘાતના બનાવો સતત વધી રહ્યા છે ત્યારે દરેક વ્યક્તિને જીવવાનો અધિકાર છે અને એ અધિકારને સુરક્ષિત રાખવો એ આપણા સૌની નૈતિક જવાબદારી છે. ડાયમંડ વર્કર યુનિયને હીરાઉદ્યોગનાં રત્નકલાકારોને અપીલ કરી છે કે,"આ સમય પણ રહેવાનો નથી તમારા પરિવારનો માળો વિખાય નહી એ જોજો. કેમકે લાખો રૂપિયાની ખોટ ભરપાઈ થઈ જશે પરંતુ આપણો કોઈ માણસ ચાલ્યો જશે તો એની ખોટ આખી જિંદગીમાં ક્યારેય નહીં પુરાઈ. માટે નબળા વિચારોને તિલાંજલી આપો અને તમારે કોઈ તકલીફ હોઈ તો હેલ્પ લાઈન પર વિના સંકોચે જાણ કરો આ કપરા સમયમાં યુનિયન શક્ય મદદ કરશે.

ડિંડોલીમાં આર્થિક સંકડામણના કારણે યુવકે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી

સુરતઃ ડિંડોલીમાં આર્થિક સંકડામણના કારણે યુવકે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. ડિંડોલી પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ ડિંડોલી નવાગામ વિસ્તારમાં આવેલ 29 વર્ષીય અભિષેક અશોકભાઈ પાટીલ પરિવાર સાથે રહેતો હતો. અભિષેક સંચાખાતામાં નોકરી કરીને પરિવારને આર્થિકરીતે મદદરૂપ થતો હતો. છ મહિના પહેલા અભિષેકની નોકરી છૂટી ગઈ હતી. જેથી આર્થિક સંકડામણ અનુભવતો હતો. તેને રવિવારે સાંજે ઘરના રસોડામાં લોખંડના હુક સાથે સાડી બાંધીને ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

HINDUJA HOUSING FINANCE

કોર્પોરેટ ઓફિસ : નંબર ૧૬૭-૧૬૯, બીજો માળ, અન્ના સલાઈ, સૈદાપેટ, ચેન્નાઈ - ૬૦૦૦૧૫.
બ્રાન્ચ ઓફિસ : ત્રીજો માળ, ઈફ્કો ભવન, મારૂતિ કોમ્પલેક્ષ પાછળ, પીન્ડુ ગાર્મેન્ટ પાછળ, શીવરંજની ચાર રસ્તા પાસે, સેટલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
સૌરભકુમાર નાપીત મો. ૭૮૪૮૨૮૭૮૯, વિકાસ સાવરીયા મો. ૭૯૮૪૯૮૨૯૦૪, બબ્બી રામરખીયાણી મો. ૬૦૨૯૦૦૪૭૦૧, હીતેષકુમાર પટેલ મો. ૭૮૭૮૭૧૭૧૭૨, સુશીલ ચૌધરી મો. ૮૧૯૮૯૮૧૬૦, નિતીન સમુદ્રે મો. ૮૧૨૮૩૧૦૬૭૮ શિવમ મીશ્રા મો. ૯૦૩૩૦૧૫૨૭૭, રાજેશ ડાંગર મો. ૭૭૭૭૯૦૦૦૫૮,

ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શ્યલ એસેસ્ટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સેક્યુરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટિસ

આથી જાહેર નોટિસ આપવામાં આવે છે કે નીચે જણાવ્યા મુજબ ના ઉધારકર્તા/સહ-ઉધારકર્તાઓ દ્વારા હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (હવે પછીથી સદરહુ કંપની તરીકે સંબોધવામાં આવશે) ખાતેથી લોન મેળવેલ છે અને તે લોન પેટેના તેમના માસિક હપ્તાની (EMI) ચુકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી સદરહુ કંપની દ્વારા આર.બી.આઈ./નેશનલ હાઉસિંગ બોર્ડ દ્વારા બહાર પાડવામાં માં આવેલ વખતો વખત ના નિયમને આધીન નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તાનું લોન ખાતું એન.પી.એ. (N.P.A.) જાહેર કરવામાં આવ્યું છે અને નીચે મુજબના ઉધારકર્તા/સહ-ઉધારકર્તા ઉપર ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શ્યલ એસેસ્ટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સેક્યુરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ મુજબ સદરહુ કંપનીના ઑથોરાઇઝડ ઓફિસર દ્વારા કાયદેસરની કાર્યવાહી ચાલુ કરવામાં આવી છે અને તે કાર્યવાહી ના ભાગરૂપે સદરહુ કંપનીના ઑથોરાઇઝડ ઓફિસર દ્વારા નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તાના છેલ્લા સરનામાં ઉપર આર.પી.એ.ડી. દ્વારા ઉપરોક્ત કાયદા ની કલમ - ૧૩(૨) હેઠળની ડિમાન્ડ નોટિસ પાઠવામાં આવેલ હતી જે નોટિસ બજ્યા વગર ની સદરહુ કંપનીના ઑથોરાઇઝડ ઓફિસર ને પરત મળેલ હતી અને સદરહુ કંપનીના ઑથોરાઇઝડ ઓફિસરની પાકકી માહિતી મુજબ નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તા જાણી જોઈને ઉપરોક્ત મુજબની નોટિસની બજવણી કરવા દેવા ન માંગતા હોય, તેથી કરીને આ જાહેર નોટિસ આપવાની ફરજ પડેલ છે. આ નોટિસ દ્વારા નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તાને ઉપરોક્ત કાયદા ની કલમ - ૧૩(૨) હેઠળની જોગવાઈ મુજબ નીચે મુજબના કોષ્ઠક માં દર્શાવેલ રકમ ભવિષ્યના વ્યાજ અને ખર્ચ સહિત ૬૦ દિવસ માં ભરી જવા સુચવામાં આવે છે. જો નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તા નીચે દર્શાવ્યા મુજબ ની સંપૂર્ણ રકમ નોટિસ ની તારીખ થી ૬૦ દિવસ ની અંદર ભરપાઈ ન કરે તો સદરહુ કંપનીના ઑથોરાઇઝડ ઓફિસરની સદરહુ કાયદાની કલમ ૧૩(૪) અને ૧૪ હેઠળ આપેલ એવા બધાજ હકો નો ઉપયોગ કરવા સ્વતંત્ર છે જેમાં મોર્ગેજ મિલકતો/મુકરર અસ્કયામતો નો કબજો લઈ વેચાણ કરવાની સત્તા માટે સક્ષમ છે. વધુમાં ઉધારકર્તા/સહ-ઉધારકર્તા ને સુચવામાં આવે છે કે આ નોટિસ મળ્યા પછીથી સરફેશિ કાયદા ની કલમ ૧૩ ની પેટા કલમ ૧૩ ની હેઠળ મુકરર મિલકત વેચાણ, ભાડે, કે કોઈ રીતે મુકરર લેણદાર ની લેખિત પરવાનગી સિવાય તબદીલ કરવાની મનાઈ ફરમાવે છે. ઉપરોક્ત કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ ૮ મુજબ ઉધારકર્તાઓ તેમની મુકરર મિલકત સંપૂર્ણ દેવા, નીચે જાહેર હરાજી ની નોટિસ માં પ્રદર્શિત થાય તે પહેલા ભરીને છોડાવી શકે છે જે ત્યાર પછી ભરી શકાશે નહીં. ઉપરોક્ત જણાવેલ સૂચના/આદેશોનો ભંગ સદરહુ કાયદા ની કલમ -૨૯ મુજબ જૈવની સજા અથવા/અને દંડ ને પાત્ર ગુનો બને છે જેની જાણ આથી કરવા માં આવે છે. ઉધારકર્તા/સહ-ઉધારકર્તા ની વિગત નીચે મુજબ ની છે :

	ઉધારકર્તાઓ, અને સહ-ઉધારકર્તાઓ અને જામીનદારો ના નામ	ડિમાન્ડ નોટિસ તારીખ, રકમ અને લોન ખાતા નંબર	મોર્ગેજ કરેલ સ્થાવર મિલકતનું વર્ણન
૧	ઉધારકર્તા :- બ્રિજેશકુમાર ગૌડ સહ-ઉધારકર્તા :- નિશા ગૌડ	Dt. 24-05-2024 & Rs. 6,02,369/- & A/C No. GJ/SRT/HZRA/A000000017 & CO/CPC/CPOF/A000002270	સુરત જીલ્લાના પલસાણા તાલુકાના મોજે ગામ : વરેલીનાં રેવન્યુ દફતરે નોંધાયેલ બ્લોક નં.૧૨૧ વાળી બીનખેતીની જમીનમાં આયોજન કરવામાં આવેલ"વલ્લભનગર"ના નામથી ઓળખાતી સોસાયટીમાં પાડવામાં આવેલા રહેણાંકના હેતુ માટેના પ્લોટો પૈકી પ્લોટ નં. ૪૭ થી ૫૦ વાળા જે કુલ્લે ચાર પ્લોટોનું કુલ ક્ષેત્રફળ ૨૪૬.૮૦ ચો.મી. તે પ્લોટ પર આયોજન કરવામાં આવેલ " જે.એમ.કોમ્પલેક્ષ નામથી ઓળખાતા એપાર્ટમેન્ટ વાળી મિલકતમાં આવેલ ફલેટો પૈકી ચોથા માળ ઉપર આવેલ ફલેટો પૈકી ફલેટ નંબર -૪૦૫ વાળી રહેઠાણ મીલકત કે જેનું જેનું બિલ્ટ અપ એરીયા મુજબ સુમારે ૩૧૪.૨૯ ચો. ફુટ યાને ૨૯.૨૧ ચો.મીટર છે. જેનું કારપેટ એરીયા મુજબ સુમારે ૨૮૧.૪૮ ચો. ફુટ યાને ૨૬.૧૬ ચો.મીટર છે. તે વિગતની મિલકત તથા તળની જમીનમાં વણવહેંચાયેલ હિસ્સા સહિત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની કુલ્લે દરોબસ્ત મિલકત. જેની ચતુરસીમા નીચે મુજબ છે.પૂર્વે રાધા માધવ પેલેસ,પશ્ચિમે લાગુ ફલેટ નં ૪૦૪,ઉત્તરે લાગુ લિફ્ટ અને દક્ષિણે લાગુ ફલેટ નં ૪૦૬
૨	ઉધારકર્તા :- ચેતન પવાર સહ-ઉધારકર્તા :- અનિતા પવાર	Dt. 24-05-2024 & Rs. 8,43,098/- & A/c. No. GJ/SRT/UMRA/A000000088	ડી. સુરત, સબ-ડી. તાલુકે પલસાણાના મોજે ગામ ચલથાણના બ્લોક નં. ૧૮૩ ની જરાયત પિયત જમીન એકર ૧૧.૦૦ ગુંઠા, હેકટર ૪-૪૮-૧૯, આકાર રૂ. ૬૮.૫૬ પેસાવાળી બીનખેતીની જમીનમાં "લક્ષ્મીનગર' નામથી પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં. ૩૬,૩૭ તથા ૩૮, કુલ ક્ષેત્રફળ ૧૩૨ ચો.મી. જમીનમાં આયોજીત "શિવ રાણા કોમ્પલેક્ષ'' માં આવેલા ફલેટો 'પૈકી બીજા માળ પર આવેલ ફલેટ નં. ૨૦૨, જેનું કાર્પેટ અરીયાનું ક્ષોભફળ સુમારે ૩૨૦ ચો.ફુટ, બિલ્ટઅપ એરીયા સુમારે ૩૪૬ ચો.ફુટ યાને ૩૨.૧૪ ચો.મી. ફલેટ મીલકત તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકક, હીત, અધિકાર સહીતની મીલકત કુલ્લે દરોબસ્ત. જેની, ચતુરસીમા નીચે મુજબ છે.પૂર્વે લાગુ ફલેટ નં - ૨૦૧,પશ્ચિમે લાગુ ફલેટ નં - ૨૦૩,ઉત્તરે લાગુ ફલેટ નં ૨૦૫ અને દક્ષિણે લાગુ સોસાયટી નો રોડ
૩	ઉધારકર્તા :- રામજીભાઈ બોદર સહ-ઉધારકર્તા :- શારદાબેન બોદર	Dt. 24-05-2024 & Rs.6,53,856/- & A/c. No. GJ/SRT/UMRA/A000000040	ડિસ્ટ્રીકટ સુરત, સબ ડિસ્ટ્રીકટ તથા તાલુકો : કામરેજ, મોજે ગામ: વેલંજાના રે.સ.નં. ૫૪, જેનો બ્લોક નંબર : ૪૦ થી નોંધાયેલ જમીન જેનું ક્ષેત્રફળ ૧૧,૭૭૩ ચો.મી. વાળી બિનખેતીની જમીનમાં આયોજન કરવામાં આવેલ ''ગોકુલમ રેસીડેન્સી! નાં નામથી ઓળખાતી સોસાયટીમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી '' ઈ '' ટાઈપના પ્લોટ નંબર: ૮૪ કે જેને કે.જે.પી. મુજબ બ્લોક નં. ૪૦/૮૪ તથા રી-સર્વે બાદ નવો બ્લોક નંબર ૩૦૬૮ આપવામાં આવેલ છે. જેનું રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ ૪૦.૨૫ ચો.મી. છે. જેનું સ્થળ મુજબનું ક્ષેત્રફળ ૩૫.૦૩ ચો.મી. છે. તથા તેને લાગૂ સી.ઓ.પી. નં ક્ષેત્રફળ ૫.૭૮ ચો.મી. તથા રોડ-રસ્તા તથા ખુલ્લી જગ્યાના ફાળે પડતા પ્રમાણસરના વણવહેંચાયેલ હિસ્સાની ૧૧.૦૪ ચો.મી. જમીન સહિતની મિલકત તથા તેને લાગતા વળગતા અંદરતા તથા બહારના તમામ હકક, હિત,અધિકાર સહિત કુલ્લે દરોબસ્ત.જેની ચતુરદિશા નીચે મુજબ છે. પુર્વે:લાગુ રોડ,પશ્ચિમે:લાગુ બ્લોક નંબર ૪૧ વાળી મિલકત., ઉત્તરે: લાગુ પ્લોટ નંબર સી/૮૩ વાળી મિલકત અને દક્ષિણે:લાગુ પ્લોટ નંબર ઈ/૮૫ વાળી મિલકત.
૪	ઉધારકર્તા :- સંજય જૈસવાલ સહ-ઉધારકર્તા :- દિવ્યા જૈસવાલ	Dt. 24-05-2024 & Rs.6,80,112 & A/c. No. GJ/SRT/VRCH/A000000022	ડિસ્ટ્રીકટ-સુરત, સબ-ડિસ્ટ્રીકટ તથા તાલુકે : પલસાણાનાં 'મોજે કડોદરાના બ્લોક નંબર: ૧૧૬ વાળી રહેણાંક નાં હેતુ માટે બીનખેતી થયેલ જમીન જે પર આયોજન કરવામાં આવેલ "શ્રી લક્ષમીનારાયણ સોસાયટી" માં પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં. ૧૦૩ તથા ૧૦૪ વાળી મિલકત. જેનુ સુમારે ક્ષેત્રફળ ૧૫૫.૫૪ ચો. વાર યાને ૧૩૦.૦૬ ચો.મી. જમીન ઉપર આયોજન કરવામાં આવેલ "અવિરા રેસીડેન્સી" ના નામથી ઓળખાતી ઇમારતમાં આવેલ ફલેટો પૈકી ત્રીજા માળ પર આવેલ ફલેટ નંબર:- ૩૦૨ વાળી સુમારે સુપર બીલ્ટઅપ એરીયા ૫૮૮.૦૦ ચો.ફૂટ તથા જેનું બીલ્ટઅપ એરીયા ૨૯૪.૦૦ ચો.ફુટ યાને ૨૭.૩૨ ચો.મી. છે. તે ફલેટના બાંધકામવાળી મિલકત તથા સદરહું સમગ્ર એપાર્ટમેન્ટના પાર્કીંગ તથા સી.ઓ.પી. તથા અન્ય જમીનના ફાળે પડતા અવિભાજ્ય હિસ્સા સહીતનો ફલેટ તથા તેને લાગુ તમામ હકકો સહિતની કુલ્લે દરોબસ્ત. જેની ચતુરસીમા નીચે મુજબ છે.પુર્વે :- લાગુ ખુલ્લો પ્લોટ નં. ૧૦૫,પશ્ચિમે :- લાગુ પ્લોટ નં. ૧૦૨, ઉત્તરે :- લાગુ સોસાયટી રોડ,દક્ષિણે :- લાગુ પ્લોટ નં. ૧૨૧,૧૨૨
૫	ઉધારકર્તા :- સંજય વર્મા સહ-ઉધારકર્તા :- ચંદ્રા જૈસવાલ રમેશકુમાર મૌર્ય	Dt. 24-05-2024 & Rs.7,94,094/- & A/c. No. GJ/SRT/VRCH/A000000050	ડીસ્ટ્રીકટ : સુરત, સબ-ડીસ્ટ્રીકટ : ઓલપાડનાં, મોજે ગામ : સ્યાદલાનાં બ્લોક નંબર - ૧૦૯/બ વાળી રહેણાંકના હેતુની બીનખેતીની જમીન જે "તુલસી રેસીડેન્સી" તરીકે ઓળખાય છે. તે જમીનમાં પાડવામાં આવેલાં રહેણાંકનાં પ્લોટો પૈકી પ્લોટ નંબર - ૩૬ વાળા ખુલ્લા પ્લોટ વાળી મિલકત તમો પ્રથમ પક્ષવાળાને વેચાણ આપેલ છે. તે પ્લોટ નંબર: ૩૬ નું સ્થળ મુજબનું માપ ૧૨ ફુટ બાય ૩૬ ફુટ યાને તે પ્લોટનું પ્લાન મુજબનું કુલ ક્ષેત્રફળ ૪૦.૧૮ ચો.મી. છે. તેમજ રોડ, રસ્તા અન્તે સી.ઓ.પીની વણવહેચાયેલ હિસ્સાની ૧૪.૦૦ ચો.મી. જમીન સહિતની મિલકત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો તથા રોડ-રસ્તાના રાસુકા વપરાશના હકકો સહિતની કુલ્લે દરોબસ્ત મિલકત. તે ખુલ્લા પ્લોટ વાળી મિલકત તમો પહેલા પક્ષના માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આજરોજ સુપ્રત કરેલ છે. જે પ્લોટની ચતુરદીશા નીચે મુજબ છે. ઉત્તરે :- લાગુ પ્લોટ નંબર - ૩૭ દક્ષિણે :- લાગુ પ્લોટ નંબર - ૩૫ પુર્વ :- લાગુ સોસાયટીનો રસ્તો પશ્ચિમે :- લાગુ બ્લોક નંબર - ૧૦૯/અ વાળી જમીન
૬	ઉધારકર્તા :- ઉમાકાન્ત તિવારી સહ-ઉધારકર્તા :- નિશા તિવારી	Dt. 24-05-2024 & Rs.6,57,692/- & A/c. No. GJ/SRT/VRCH/A000000012	ડિસ્ટ્રીકટ-સુરત, સબ-ડિસ્ટ્રીકટ તથા તાલુકે : પલસાણાનાં મોજે કડોદરાના બ્લોક નંબર: ૧૧૬ વાળી રહેણાંકનાં હેતુ માટે બીનખેતી થયેલ જમીન જે પર આયોજન કરવામાં આવેલ "શ્રી લક્ષમીનારાયણ સોસાયટી" માં પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં. ૧૦૩ તથા ૧૦૪ વાળી મિલકત, જેનુ સુમારે ક્ષેત્રફળ ૧૫૫.૫૪ ચો. વાર યાને ૧૩૦.૦૬ ચો.મી. જમીન ઉપર આયોજન કરવામાં આવેલ " અવિરા રેસીડેન્સી " ના નામથી ઓળખાતી ઇમારતમાં આવેલ ફલેટો પૈકી પહેલા 'માળ પર આવેલ ફલેટ નંબર:- ૧૦૪ વાળી સુમારે સુપર બીલ્ટઅપ એરીયા ૫૯૪.૦૦ ચો.ફુટ તથા જેનું બીલ્ટઅપ એરીયા ૨૯૭.૦૦ ચો.ફુટ યાને ૨૭.૬૦ ચો.મી. છે. તે ફલેટના બાંધકામવાળી 'મિલકત તથા સદરહું સમગ્ર એપાર્ટમેન્ટના પાર્કીંગ તથા સૌ.ઓ.પી. તથા અન્ય જમીનના ફાળે પડતા અવિભાજય હિસ્સા સહીતનો ફલેટ તથા તેને લાગુ તમામ હકકો સહિતની કુલ્લે દરોબસ્ત. જેની ચતુરસીમા નીચે મુજબ છે. :- ચર્તુદિશા :- પુર્વે :- લાગુ ખુલ્લો પ્લોટ નં. ૧૦૫ પશ્ચિમે :- લાગુ પ્લોટ નં. ૧૦૨ ઉત્તરે :- લાગુ સોસાયટી રોડ દક્ષિણે :- લાગુ પ્લોટ નં. ૧૨૧,૧૨૨
૭	ઉધારકર્તા :- વિજયભાઈ રાઠોડ સહ-ઉધારકર્તા :- કમુબેન રાઠોડ	Dt. 24-05-2024 & Rs.6,86,762/- & A/c. No. GJ/SRT/VRCH/A000000030	સુરત ડીસ્ટ્રીકટ, પલસાણા સબ-ડીસ્ટ્રીકટ, મોજે ગામ જોળવાનાં રે.સ. નંબર ૭૨, જેનો બ્લોક નંબર ૯૪ થી નોંધાયેલ ૧૨૩૬૭ ચો.મી. બિનખેતીની જમીનમાં રહેણાંકનાં હેતુ માટે આયોજીત "શિવધારા રેસીડેન્સી" "વિભાગ-૨" નાં ખુલ્લા પ્લોટો - પૈકી પ્લોટ નંબર ૧૪૦ થી ૧૪૪ વાળી ૩૭૪.૭૪ ચોરસ મીટર જમીનમાં આવેલ "રૂદ્રાક્ષ રેસીડેન્સી" નામની બિલ્ડીંગ નંબર એ નાં બીજામાળ ઉપર આવેલ ફલેટો પૈકી ફલેટ નંબર ૨૦૧ થી નોધાયેલ મિલ્કત જેનું બિલ્ટઅપ એરીયાનું ક્ષેત્રફળ ૩૨.૩૦ ચોરસ મીટર છે. મજકુર મિલ્કત તળ જમીનમાં ફાળે પડતા વણવહેંચાયેલ હિસ્સા ની ૫.૬૦ ચોરસ મીટર જમીન સહિત તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ રાસુકા વપરાશના હકકો સહિત કુલ્લે દરોબસ્ત. જે આખી બિલ્ડીંગની ચતુર્દિશા નીચે મુજબ છે પૂર્વે :- લાગુ સોસાયટીનો રસ્તો પશ્ચિમે :- લાગુ બ્લોક નંબર ૯૩,ઉત્તરે :- લાગુ પ્લોટ નંબર ૧૪૫ દક્ષિણે :- લાગુ બ્લોક નંબર ૯૩

સ્થળ : સુરત
તારીખ : ૧૬-૦૭-૨૦૨૪

અધિકૃત અધિકારી
હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

બીલીમોરા નગરપાલિકા
ટુંકી મુદતની ટેન્ડર નોટીશ ક્રમાંક નં. ૭ /૨૦૨૪-૨૫

શ્રાવણ માસ દરમ્યાન સોમનાથ મંદિરમાં ભરાતા મેળામાં નીચે મુજબના પ્લોટ/ પાર્કિંગ માટે હંગામી ધોરણે ૧ (એક) માસ માટે ભાડેથી આપવાના હોય, આ અંગેના ભાવો તા.૨૪/૦૭/૨૦૨૪ ના રોજ સાંજે ૬:૦૦ કલાક સુધીમાં બંધ કવરમાં રજીસ્ટર એ.ડી. અથવા કુરીયર દ્વારા "ચીફ ઓફિસર બીલીમોરા નગરપાલિકા" ના નામે મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. ભાવો ઓપન કરવાની સંભવિત તા.૨૫/૦૭/૨૦૨૪ ના રોજ રહેશે. મંજુર/ નામંજુર કરવાની સત્તા નગરપાલિકાની રહેશે.

નોંધ : (૧) ઇસમોએ આધારકાર્ડની નકલ ફરજીયાત બિડવાની રહેશે.
(૨) નીચે મુજબની ડિપોઝિટો ડિમાન્ડ ડ્રાફ્ટ, અથવા "બીલીમોરા નગરપાલિકા" નામના રોકડમાં જમા કરાવ્યાની પહોંચ અવશ્ય બીડવાની રહેશે.

અ. નં.	સ્થળનું નામ	અપસેટ વેલ્યુ જી.એસ.ટી. સાથે	ડિપોઝીટ
૧	સોમનાથ ગ્રાઉન્ડ	રૂા.૮,૨૧,૦૦૦/-	રૂ. ૫૦,૦૦૦/-
૨	સોમનાથની સામે ગાયત્રી મંદિરની બાજુમાં આવેલ પ્લોટ	રૂા.૩,૨૧,૦૦૦/-	રૂ. ૫૦,૦૦૦/-
૩	નવભારત ઈન્ડસ્ટ્રીઝની અંદર આવેલ પ્લોટ	રૂા.૯૧,૦૦૦/-	રૂ. ૩૦,૦૦૦/-
૪.	બાગબાનની બાજુમાં	રૂા.૨,૧૧,૦૦૦/	રૂ. ૩૦,૦૦૦/-
૫.	શિવમ પ્લોટની બાજુમાં આવેલ પ્લોટ	રૂ.૨,૨૫,૦૦૦/-	રૂ. ૩૦,૦૦૦/-
૬	પૂજન પાર્ક પાસે આવેલ પ્લોટ	રૂા.૧,૬૧,૦૦૦/-	રૂ. ૩૦,૦૦૦/-
૭	નગરપાલિકા કચેરીને પશ્ચિમે તથા દક્ષિણે પાર્કિંગ - ફક્ત પાર્કિંગ હેતુ માટે	રૂ.૩,૩૦,૦૦૦/-	રૂ. ૫૦,૦૦૦/-
૮.	સોમનાથ મંદિરની પૂર્વે ત્રિકોણાકાર ચોક- ફક્ત પાર્કિંગ હેતુ માટે	રૂ.૩,૫૦,૨૦૦/-	રૂ. ૫૦,૦૦૦/-

નોંધ : (૧) કવર ઉપર શ્રાવણ માસના મેળા માટેના ભાવો સાથે સ્થળનું નામ અવશ્ય લખવું.
(૨) બંધ કવરમાં મોકલનાર ઇજારદારશ્રીએ ક્રમ નં ૧ થી ૮ મુજબ કવર પર સ્થળનું નામ લખી અલગ- અલગ કવરમાં અરજી કરવાની રહેશે.
(૩) કોઈ પણ પ્રકારના શરતી ઓફર ગ્રાહ્ય રાખવામા આવશે.

હુકમ :
ચીફ ઓફિસર
બીલીમોરા નગરપાલિકા

માહિતી/નવસારી/૧૦૩/૨૦૨૪

બેંક ઑફ બડૌદા Bank of Baroda

બલેશ્વર શાખા : મેઈન રોડ, બલેશ્વર, તા.પલસાણા, જી.સુરત-૩૯૪૩૧૭ ફોન : ૦૨૬૨૨ - ૨૬૪૨૪૭ Email & balesh@bankofbaroda.com

કબજા નોટીસ [ધારા ૧૩(૪)] (સ્થાયી મિલકત માટે) [સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮(૧)હેઠળ]

નીચે સહી કરનાર બેંક ઓફ બરોડા,ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૨૦૦૨ના ૫૪)અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લેઈ તેમને મળેલ સત્તાની રૂએ **તા.૧૮.૦૪.૨૦૨૪** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદારો/ જામીનદાર **શ્રી સુરેશભાઈ મંગળભાઈ સોલંકી (દેવાદાર) અને શ્રીમતી પુષ્પાબેન સુરેશભાઈ સોલંકી (સહ- દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૨૨,૩૯,૨૭૧/- (અંકે રૂા. બાવીસ લાખ ઓગણચાલીસ હજાર બસો ઈકોતેર પુરા)** અને લાગુ નહી કરેલ વ્યાજ વત્તા અન્ય ખર્ચાઓ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/ જામીનદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિકયોરીટી ઈન્ટેરેસ્ટ એન્ફોર્સમેન્ટ ધારા ૨૦૦૨ હેઠળ આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ આ ધારા હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૨મી જૂલાઈ સને ૨૦૨૪**ના રોજ આ સંપત્તિનો **કબજો** સંભાળી લીધેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહ